૨૫/...

**ટેન્ડર ભાવોની પ્રક્રિયા બાબત**

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક-ટીએનસી-૨૦૦૨-આઇબી-૧૭(૯)-ક.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫-૦૯-૨૦૦૬

સંદર્ભ:. ન.જ.સં.પા.પુ. વિભાગના પરિપત્ર ક્રમાંક-ટીએનસી-૨૦૦૨-આઇબી-૧૭(૯)ક.૧
તા. ૦૯-૦૫-૨૦૦૨ અને તા.૩૦-૦૫-૨૦૦૨

**પ્રસ્તાવના-**

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓના કામો માટે બી.૧/ બી.૨ ફોર્મ આધારિત ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિભાગના સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૦૯-૦૫-૨૦૦૨ ના પરિપત્રથી ક્ષેત્રિય કક્ષાએ મંજૂર કરવાના થતાં ટેન્ડરો અંગે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આ પરિપત્ર ૪ (ચાર) વર્ષ જૂનો હોવાથી તેમજ માલ સામાન/ મજૂરી/ પેટ્રોલ/ ડીઝલ વિગેરેના ભાવો વધી ગયા હોવાથી અને બજાર ભાવોની અનિશ્ચિતાના કારણે આ પરિપત્રની પુન: વિચારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :-**

૧ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓના ટેન્ડરોની મંજૂરી અંગે સરકારશ્રીના સંદર્ભ તળેના પત્રોથી બહાર પડાયેલ પરિપત્રો પુખ્ત વિચારણાને અંતે રદ કરવામાં આવે છે.

૨ હવે પછી જાહેર બાંધકામ નિયમ સંગ્રહની જોગવાઇ અને વખતો વખતની સત્તાસોંપણીના નિયમોને ધ્યાને લઇ ટેન્ડરની મંજૂરી અર્થે કાર્યવાહી કરવા આથી સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ/ ખાતાના વડાઓને વિનંતી છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

(આર.જી. ભટ્ટ)
ખા.ફ.અ.(સિં.યો.)
ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ

(પાછળ)

નકલ રવાના: (૧૭૩)

- સર્વે મુખ્ય ઇજનેર/અને અધિક સચિવશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત) ખાતાના વડા, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત)
- વિભાગના સર્વે તાંત્રિક અધિકારીઓ / તાંત્રિક શાખાઓ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી,
- સીલેકટ ફાઇલ